**ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી**

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/239 Dt. 10/12/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# રોકાણનો નવો માર્ગ - એસઆઈએફ વિશે ચેમ્બર ઓફ કોમર્સમાં સેશન યોજાયું

## એસઆઈએફ વોલેટાઈલ અને ઘટતા માર્કેટમાં પણ રિટર્ન આપવાની ક્ષમતા ધરાવે છે: સીએ બીપિન હીરપરા

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા “Specialized Investment Fund (SIF): A New Investment Avenue” વિષય પર માહિતીસભર સેશનનું સફળ આયોજન સમૃદ્ધિ હોલ, નાનપુરા, સુરત ખાતે તા 22મી નવેમ્બરે સાંજે 5:30 વાગ્યે થયું.

ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી મિતિષ મોદીએ સ્વાગત પ્રવચનમાં કહ્યું કે ચેમ્બરના માધ્યમથી સૌને લાભ થાય, જ્ઞાનવર્ધન થાય એ માટે નિયમિત કાર્યક્રમો થઈ રહ્યા છે. પહેલા સીએ ઓડિટ

સુધી મર્યાદિત હતા, અત્યારે ટ્રેન્ડ એવો છે જેમાં વેલ્થ ક્રિએશન, વેલ્થ મેનેજમેન્ટમાં પણ તેમની ભૂમિકા રહેલી છે.

એસઆઈએફ વિશે સમજાવતા ડીટએના સ્થાપક અને સીઈઓ સીએ બીપિન હીરપરાએ કહ્યું કે વિકસિત દેશોની સફળ સ્ટ્રેટેજીના પરિણામે એસઆઈએફની જરૂરિયાત ઊભી થઈ. એસઆઈએફ માટે એએમસી દીઠ લઘુતમ રૂ. 10 લાખથી રોકાણ કરી શકાય. તેમાં 25% સુધી ડેરિવેટિવ્ઝ શોર્ટ એટલે કે હેજિંગની છૂટ અપાઈ છે જે મ્યુ. ફંડ્સ કે પીએમએસમાં નથી. સેક્ટર રોટેશન જેવા યુનિક ફીચર્સ પણ આપવામાં આવ્યા છે. એસઆઈએફ કોમોડિટી સેક્ટરમાં પણ રોકાણ કરી શકે છે.

તેમણે કહ્યું કે આ રોકાણનો તદ્દન નવો અને અદ્યતન માર્ગ છે. વોલેટાઈલ અને ઘટતા માર્કેટમાં પણ તે રિટર્ન આપવાની ક્ષમતા ધરાવે છે. સેબીએ હાલ 7 કેટેગરીને છૂટ આપી છે એમાં પ્રથમ ઈક્વિટી ઓરિયેન્ટેડ છે. રોકાણકારોને અને એએમસી પર કરવેરાની શું અસર પડે એની માહિતી પણ તેમણે આપી હતી. તેમણે એક્સપેન્સ રેશિયો, લોક ઈન પીરિયડ, એક્ઝિટ લોડ જેવા રોકાણકારોને મૂઝવતા પ્રશ્નોના જવાબ આપ્યા હતા.

આ પ્રસંગે ચેમ્બરના સભ્યો, રોકાણકારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરના ગ્રૂપ ચેરમેન શ્રી કમલેશ ગજેરાએ આ કાર્યક્રમ વિશે માહિતી આપી હતી. ચેમ્બરની કેપિટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના કો-ચેરમેન શ્રી હાસિમ યાકૂબલીએ વક્તાનો પરિચય આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ ચેમ્બરની કેપિટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના કો-ચેરમેન શ્રી બાલકૃષ્ણ વધાસિયા દ્વારા કરવામાં આવી હતી.